**ફિફા વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 32 આજની મેચો**
મેક્સિકો vs ઇક્વાડોર : સવારે 6.30 વાગ્યે | ઇંગ્લેન્ડ vs કોંગો : રાત્રે 9.30 વાગ્યે | બેલ્જિયમ vs સેનેગલ : રાત્રે 1.30 વાગ્યે | અમેરિકા vs બોસ્નિયા : મળસ્કે 5.30 વાગ્યે

# પરાગ્વેએ જર્મનીને હરાવી કર્યો વર્લ્ડકપનો સૌથી મોટો અપસેટ

**નિર્ધારિત** સમયમાં સ્કોર 1-1થી બરાબરી પર રહ્યા પછી પેનલ્ટી શૂટઆઉટમાં પરાગ્વે 4-3થી જીત્યું

**પરાગ્વેના** ગોલકીપર ઓર્લાન્ડો ગીલે પેનલ્ટી શૂટઆઉટમાં બે ચાવીરૂપ ગોલ બચાવી ટીમને જીતાડી





ફોક્સબોરો, તા. 30 (એપી) : ફિફા વર્લ્ડકપમાં સોમવારે રાત્રે અહીં રમાયેરી રાઉન્ડ ઓફ 32ની એક મેચમાં જોસ કેનાલેસની સડન-ડેથ પેનલ્ટી કિક પર ગોલ અને ઓર્લાન્ડો ગિલે શૂટઆઉટમાં કરેલા બે મહત્વપૂર્ણ બચાવના કારણે પેરાગ્વેએ પેનલ્ટી શૂટઆઉટમાં જર્મનીને 4-3થી હરાવીને ચાલુ વર્લ્ડકપ ફૂટબોલ ટુર્નામેન્ટનો સૌથી મોટો અપસેટ કર્યો હતો.

રાઉન્ડ ઓફ ૩૨ મેચમાં 42મી મિનિટે જુલિયો એન્સીસોના હેડર દ્વારા પેરાગ્વેએ સરસાઇ મેળવી, પરંતુ કાઈ હાવર્ટ્ઝે 52મી મિનિટે ચાર વખતના ચેમ્પિયન જર્મની માટે બરાબરીનો ગોલ કર્યો હતો. તે પછી વધારાના સમય સાછે મેચ 1-1 પર સમાપ્ત થઈ હતી. જર્મનીને પેનલ્ટી શૂટઆઉટ જીતવા માટે ફેવરિટ માનવામાં આવતું હતું, કારણ કે તેણે મુખ્ય સ્પર્ધાઓમાં સાત પેનલ્ટી શૂટઆઉટમાંથી છ જીત મેળવી હતી. 1976ની યુરોપિયન ચેમ્પિયનશિપ ફાઇનલમાં તત્કાલીન ચેકોસ્લોવાકિયા સામે હાર્યા બાદ તેઓએ સતત છ પેનલ્ટી શૂટઆઉટ જીત્યા હતા. ફિફા રેન્કિંગમાં 34મા ક્રમે રહેલા પેરાગ્વેની જીત પર બહુ ઓછો દાવ લાગ્યો હતો, પરંતુ તેણે 12મા ક્રમે રહેલા જર્મનીને હરાવીને વિશ્વભરના ફૂટબોલ ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા. પેરાગ્વે હવે શનિવારે ફિલાડેલ્ફિયામાં રાઉન્ડ ઓફ 16માં ફ્રાન્સ અને સ્વીડન વચ્ચે મંગળવારના મેચના વિજેતા સામે ટકરાશે.

ગિલે પાછળથી પોતાની જીતનું રહસ્ય જાહેર કરતાં કહ્યું કે અમે દરેક ખેલાડી અને દરેક નાની વિગતોનું વિશ્લેષણ કર્યું, અને તેથી જ હું ફક્ત બે પેનલ્ટી ચૂકી શક્યો. આ વિજય પેરાગ્વેના લોકોને સમર્પિત છે. બંને ટીમો વચ્ચે અગાઉ ફક્ત 2002માં એક જ વર્લ્ડકપ મેચ રમાઈ હતી, ત્યારે રાઉન્ડ ઓફ 16માં પેરાગ્વેને 1-0થી હરાવ્યું હતું. આ રીતે પેરાગ્વેએ 24 વર્ષ પછી પોતાની હારનો બદલો લીધો.

### શું જર્મન ટીમ સાથે છેતરપીંડી થઇ, રેફરીએ નિર્ણાયક ગોલને ફાઉલ ગણાવતા જર્મની હાર્યું

જર્મનીનો પેનલ્ટી શૂટઆઉટમાં પેરાગ્વે સામે પરાજય કરતાં પણ વધુ, જર્મનીની જીત છીનવી લેનાર વિવાદાસ્પદ VAR નિર્ણયની ચર્ચા થઈ રહી છે. આ મેચમાં વધારાના સમયમાં ૧૦૧મી મિનિટે, જર્મનીના જોનાથન તાહે કોર્નર કિક પર શાનદાર હેડરથી ગોલ કર્યો અને જર્મન છાવણીમાં ખુશાલીની લહેર દોડી ગઇ પરંતુ તે પછી ઓન-ફિલ્ડ રેફરી જલાલ ઝાયેદને VAR રૂમમાંથી રિવ્યુ સિગ્નલ મળ્યો. રિપ્લેમાં જણાયું કે ગોલ સમયે જર્મન ડિફેન્ડર વાલ્ડેમાર એન્ટોન ગોલકીપર ઓર્લાન્ડો ગિલ સાથે અથડાયો હતો. લાંબી સમીક્ષા પછી, રેફરીએ ગોલ નામંજૂર કર્યો, જેનાથી જર્મન ચાહકો અને ખેલાડીઓ સ્તબ્ધ થઈ ગયા.

## જાપાન સામે છેલ્લી ઘડીએ માર્ટિનેલીના ગોલથી જીતીને બ્રાઝિલ પ્રિ ક્વાર્ટરમાં

**મેચ** જ્યારે 1-1ની બરોબરી પર વધારાના સમયમાં જવાની હતી ત્યારે અંતિમ પળોમાં માર્ટૈનલીએ ગોલ કરી બ્રાઝિલની જીત પાકી કરી



હ્યુસ્ટન, તા. 30 (એપી) : ફિફા વર્લ્ડકપની રાઉન્ડ ઓફ 32ની એક મેચ જ્યારે વધારાના સમયમાં જશે તેવું નિશ્ચિત લાગતું હતું, ત્યારે ગેબ્રિયલ માર્ટિનેલીએ ઇન્જરી ટાઇમની અંતિમ ક્ષણોમાં વિજયી ગોલ કરીને પાંચ વખતના ચેમ્પિયન બ્રાઝિલને જાપાન પર 2-1થી રોમાંચક વિજય અપાવીને તેને રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ કરાવ્યો હતો.

બીજા હાફમાં અવેજી ખેલાડી તરીકે મેદાનમાં ઉતરેલા માર્ટિનેલીએ અંતિમ વ્હિસલ વાગવાની થોડીક સેકન્ડ પહેલા, સ્ટોપેજ ટાઇમની છઠ્ઠી મિનિટમાં ગોલ કર્યો. જાપાને પહેલા હાફમાં ગોલ કરીને બ્રાઝિલને સ્તબ્ધ કરી દીધું હતું, જો કે બીજા હાફમાં બ્રાઝિલે બે ગોલ કરીને મેચ જીતી હતી.

મેચની શરૂઆત પછી કૈશુ સાનોએ 29મી મિનિટે જાપાનને સરસાઇ અપાવી હતી. તે પછી પહેલો હાફ પુરો થવા સુધી તેણે સરસાઇ જાળવી રાખી હતી. બીજા હાફમાં 56મી મિનિટે ગેબ્રિયલ મેગાલ્હેઇસના પાસ પર કાસેમીરોએ હેડર વડે બ્રાઝિલ માટે બરાબરીનો ગોલ કર્યો.

## મોરોક્કોએ પેનલ્ટી શૂટઆઉટમાં હરાવી નેધરલેન્ડ્સને વર્લ્ડકપની બહાર ફેંક્યું

**પેનલ્ટી** શૂટઆઉટમાં ચાર રાઉન્ડ પછી સ્કોર 2-2થી બરાબરી પર રહ્યા પછી ક્રેસેન્સિયોનો શોટ અટકાવાયો અને સાબરીએ ગોલ કરતાં મોરોક્કો જીત્યું



ગુઆડાલુપે, તા. 30 (એપી) : ફિફા વર્લ્ડકપમાં સોમવારથી મંગળવારની રાત દરમિયાન રમાયેલી ત્રણ મેચમાં જોરદાર રસાકસી જોવા મળી હતી અને આવી જ એક રાઉન્ડ ઓફ 32ની મેચમાં ઇસ્માઇલ સબરીએ પેનલ્ટી શૂટઆઉટમાં નિર્ણાયક ગોલ કરતા મોરોક્કોએ નેધરલેન્ડ્સને 3-2થી હરાવીને અંતિમ 16માં પ્રવેશ મેળવ્યો હતો. આ પહેલા, નિર્ધારિત અને વધારાના સમય સુધી બંને ટીમો 1-1થી બરાબરી પર રહી હતી.

ચાર રાઉન્ડ પછી પેનલ્ટી શૂટઆઉટ પણ 2-2 થી બરાબરી પર હતું. મોરોક્કોના ગોલકીપર યાસીન બોનોઉએ ક્રેસેન્સિયો સમરવિલેના શોટને તેના ડાબા હાથથી રોક્યો. ત્યારબાદ મોરોક્કો વતી સબરીએ નીચેના ડાબા ખૂણામાં વિજયી ગોલ કર્યો. નેધરલેન્ડ્સ છેલ્લા 11 વર્લ્ડકપમાં ઓછામાં ઓછા અંતિમ 16માં પહોંચ્યું છે, જેમાં ચાર વર્ષ પહેલાં ક્વાર્ટર ફાઇનલમાં પહોંચવાનો પણ સમાવેશ થાય છે. ત્યારે મોરોક્કો સેમિફાઇનલમાં પહોંચ્યું હતું. મેચના નિર્ધારિત સમય દરમિયાન 72મી મિનિટે નેધરલેન્ડ્સ માટે સોમરવિલેની મદદથી કોડી ગાકપોએ ગોલ કર્યો. તે પછી બીજા હાફના ઇન્જરી ટાઇમમાં 91મી મિનિટે મોરોક્કોના ઇસા ડિઓપે કેમ્સડાઇન તાલ્બીના લાંબા ક્રોસથી હેડર વડે ગોલ કરીને બરાબરી કરી.

## એશિયન ગેમ્સ માટે મહિલા ટીમની કેપ્ટન તરીકે હરમનપ્રીત યથાવત

**ભારતીય** ટીમમાં એકમાત્ર ફેરફાર તરીકે યાસ્તિકા ભાટિયાને બહાર મૂકી તેના સ્થાને જી કમાલિનીને સમાવાઇ

**ટી-20** વર્લ્ડકપમાં ઘાયલ થઇને બહાર થયેલી શ્રેયંકા પાટીલની ટીમમા વાપસી પણ ફિટનેસ પુરવાર કરવી પડશે

નવી દિલ્હી, તા. 30 : મહિલા ટી-20 વર્લ્ડકપમાંથી ટીમની વહેલી વિદાય છતાં આ વર્ષે જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ માટે 15 સભ્યોની ભારતીય ટીમની કેપ્ટન તરીકે હરમનપ્રીત કૌરને યથાવત રાખવામાં આવી છે. મોટેભાગે અપેક્ષિત ખેલાડીઓ ધરાવતી આ ટીમની જાહેરાત મંગળવારે કરવામાં આવી હતી. એશિયન ગેમ્સ આ વર્ષે 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર દરમિયાન જાપાનના આઇચી-નાગોયા ખાતે યોજાશે. ભારતીય ટીમ 2023માં ચીનના હાંગઝોઉ ખાતે યોજાયેલી અગાઉની એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી ચુકી છે, તેથી તેઓ વર્તમાન ચેમ્પિયન તરીકે આ ટૂર્નામેન્ટમાં ઉતરશે. સ્મૃતિ મંધાના ટીમની વાઇસ-કેપ્ટન તરીકે યથાવત છે. વિકેટકીપર-બેટર યાસ્તિકા ભાટિયા એકમાત્ર એવી ખેલાડી છે જેને ટીમમાંથી બહાર કરવામાં આવી છે. તેના સ્થાને જી. કમાલિનીને ટીમમાં સામેલ કરવામાં આવી છે.

જ્યારે વર્લ્ડકપ દરમિયાન ઘૂંટીની ઈજાને કારણે બહાર થયેલી ઓલરાઉન્ડર શ્રેયંકા પાટિલને ટીમમાં સ્થાન મળ્યું છે. જોકે, તેનો રમવાનો નિર્ણય ફિટનેસ ક્લિયરન્સ પર આધારિત રહેશે.

**૨૦૨૬ એશિયન ગેમ્સ માટે ભારતની મહિલા ટીમ**

હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કેપ્ટન), શેફાલી વર્મા, જેમિમા રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા, ઋચા ઘોષ (વિકેટકીપર), જી. કમાલિની (વિકેટકીપર), ભારતી ફૂલમણી, શ્રી ચારણી, રેણુકા ઠાકુર, ક્રાંતિ ગૌડ, અરુંધતી રેડ્ડી, શ્રેયંકા પાટિલ, રાધા યાદવ, નંદની શર્મા.


